# SAMVAD E-JOURNAL
ISSN (Online) : 2583-8334
(International Peer-Reviewed Refereed Journal)
Volume 4, Issue-2, April to June : 2026
Published by Rangmati Publication http://www.rangmatipublication.com/


# વસંતવિજય ખંડકાવ્ય


*ડૉ. રામભાઈ રામ*


ગુજરાતી ખંડકાવ્યના જનક કવિ કાન્ત એક પ્રતિભાશાળી સર્જક તરીકે ખૂબ જાણીતા છે. અર્વાચીન ગુજરાતી કવિતાના વિવિધ સ્વરૂપોમાં ઊર્મિકાવ્ય, સોનેટ, ગઝલ, હાઇકુ વગેરે કાવ્ય સ્વરૂપો વિદેશની ધરતી પરથી આપણે ત્યાં ખેડાયા અને વિકાસ પામ્યા. માત્ર ને માત્ર ગુજરાતી ખંડકાવ્ય આપણું મૌલિક કાવ્ય સ્વરૂપ છે. કવિ કાન્તનું પુરુ નામ મણિશંકર રત્નજી ભટ્ટ. તારીખ 20/11/1867ના રોજ અમરેલી જિલ્લાના ચાવંડ ગામે એમનો જન્મ થયો. પ્રાથમિક શિક્ષણ મોરબીમાં લીધું. પછી તો રાજકોટ મુંબઈ ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરી, સુરત વડોદરામાં નોકરી સ્વીકારી. 'પૂર્વાલાપ' તેમનો એકમાત્ર કાવ્યસંગ્રહ છે.

કવિ કાન્તે કેટલાક નાટકો વિવેચન ક્ષેત્રે પણ પોતાની પ્રતિભાના દર્શન કરાવ્યા. સલીમ શાહ અને અશ્રુમતી, રોમન સ્વરાજ્ય, જાલીમ ટુલિયા, ગુરુ ગોવિંદસિંહ, દુઃખી સંસાર એમની નાટ્ય કૃતિઓ છે. આ ઉપરાંત સિદ્ધાંતસાર અવલોકન, શિક્ષણનો ઇતિહાસ, કાન્તમાળા અને બીજા કેટલાક અનુવાદો આપ્યા છે. કાન્તના પત્રો નામે દર્શના ધોળકિયાએ સંપાદન કર્યું છે. ઉપહાર નામે સોનેટકાવ્ય રચના કવિ કાન્ત પાસેથી સુંદર ઊર્મિકાવ્યો પણ મળે છે. પરંતુ ખંડકાવ્યનો પ્રકાર કાન્તની નિજી પ્રતિભાની શોધ છે. ખંડકાવ્યો રચીને ઉત્તમ કાવ્ય કલાનું નિર્માણ કાન્તની મોટી સિદ્ધિ છે.

કવિ કાન્ત પાસેથી ચક્રવાક મિથુન, અતિજ્ઞાન, વસંત વિજય, દેવયાની, રમા, મૃગતૃષ્ણા, કલ્પના અને કસ્તુરીમૃગ, અને સૃષ્ટિ સૌંદર્યથી મન ઉપર થતી અસર એમ કુલ આઠ સુંદર ખંડકાવ્યો પ્રાપ્ત થાય છે. અર્વાચીન ગુજરાતી કવિતાના વિકાસમાં કવિ કાન્તે મહત્વનું પ્રદાન કર્યું છે. આજે અનુ-આધુનિકતાના પ્રવર્તમાનકાળમાં કાવ્યકૃતિ સાથે એના સર્જકને તે સમયના વૈયક્તિક, સાંસ્કૃતિક, ઐતિહાસિક, ધાર્મિક, રાજકીય વગેરે સંદર્ભો સાથે રાખીને મૂળ કાવ્ય કૃતિને તપાસવાના પ્રયત્નો શરૂ થયા છે; જે વચ્ચેના આગળના આધુનિક કાળમાં એ રીતે કાવ્યનો અભ્યાસ થતો ન હતો.

પંડિત યુગની કવિતામાં કાન્ત, કલાપી, બ. ક. ઠાકોર, નરસિંહરાવ દિવેટિયા તથા કવિ ન્હાનાલાલ ખૂબ જાણીતા નામ છે. કાન્તના કાવ્યોને ઉત્તમ કલાકૃતિ તરીકે નવાજવામાં આવ્યા છે. ખાસ તો કાન્તના કાવ્યોમાં પ્રણય અને ધર્મની શોધ કેન્દ્રમાં રહી છે. પ્રેમની તીવ્ર ઝંખના, પ્રેમની અતૃપ્ત એષણા, એનો સંઘર્ષ એમના અતિજ્ઞાન, ચક્રવાકમિથુન તથા વસંતવિજય જેવા ખંડકાવ્યોમાં જોવા મળે છે. ચક્રવાકમિથુન અને વસંતવિજયનો અંત મૃત્યુના સ્વીકારથી આવે છે, જ્યારે અતિજ્ઞાનનો અંત તીવ્ર તણાવ ભરી સ્થિતિમાં સહદેવ ત્રિકાળ જ્ઞાની હોવા છતાં ભવિષ્યમાં થનાર અનિષ્ટ અને દુઃખદ પરિણામ અંગે કોઈને કહી શકતો નથી. કોઈ પૂછે તો જ એ ભવિષ્ય વિશે જણાવી શકે આવું જ્ઞાન તે અતિજ્ઞાન. જેને જીરવીને દારુણ વ્યથા નો ભોગ બનતો સહદેવનો અંત કરુણ છે. આમ કાન્તના ખંડકાવ્યોમાં માનવ નિયતિનું વેધક નિરૂપણ છે. માનવ જીવનનું ઊંડું ચિંતન આ ખંડકાવ્યો નું મુખ્ય તત્વ છે.

વસંત વિજય ખંડકાવ્યમાં દીર્ઘ અને આયુષ્ય અને પૂર્ણજીવન એ બંને એકસાથે પ્રાપ્ત થતા નથી, એ ચિંતન અહીં કેન્દ્રમાં છે. મહાભારતના પાંડુનો જીવન પ્રસંગ આ ખંડકાવ્યનું વૃતાંત છે. જેમાં વસંતના પ્રભાવથી પોતાને મળેલો શાપ ભૂલી જઈને કામાતુર પાંડુ પત્ની માદ્રીને આલિંગન દઇ બેસે છે અને દુઃખદ મૃત્યુને વરે છે. પાંડુ આ કાવ્યનું મુખ્ય પાત્ર છે. શરૂઆતમાં માદ્રી મુખે મુકાયેલી પંક્તિઓ છે:

નહીં નાથ નહી નાથ ન જાણો કે સહવાર છે
આ બધું ઘોર અંધારું હજી તો બહુ વાર છે

ત્યારે પાંડુ કહે છે

પ્રિયે માદ્રી શું છે? નથી જતો સ્નાન કરવા
વહી નિંદ્રા માટે અહીં તહી જરા જાઉં ફરવા

રાજા પાંડુ એક વખત વનમાં શિકાર કરવા માટે ગયા હતા. કિન્દમ ઋષિ અને તેની પત્ની હરણ હરણીનું રૂપ ધારણ કરીને રતિક્રીડામાં મગ્ન હતા ત્યારે પાંડુએ બાણ વડે બંનેની હત્યા કરી. મૂળ સ્વરૂપમાં આવીને મરતા મરતા ઋષિ પાંડુને શાપ આપે છેઃ "તું પણ આવી જ સ્થિતિમાં મૃત્યુને ભેટીશ". પાંડુ થરથર કાપવા લાગે છે. શાપમાંથી ઉગરવા માટે પાંડુ દેહવિલાસનો વિચાર ન આવે તે હેતુથી વનમાં તપસ્વી જીવન ગાળવાનો નિર્ણય લે છે. માદ્રી અને કુંતા પણ વનમાં સાથે છે. તો વનમાં કુટીર બાંધીને રહે છે. પાંડુ વનવિહાર દરમિયાન ચોતરફ પથરાયેલી પ્રકૃતિને શાંતિથી નિહાળે છે.

વસંતે સ્થાપેલું પ્રબલ નિજ સામ્રાજ્ય સઘળે,
નવા રૂડા વસ્ત્રો તરુવર ધરે છે સહુ સ્થળે.

પાંડુએ જેને માદ્રી વિલાસ એવું નામ આપ્યું હતું એ સરોવર પાસે પહોંચે છે. માદ્રીને યાદ કરતા તેનું ચિત્ત કામપ્રભાવને કારણે વ્યાકુળ બને છે. તેની ધીરજ ખૂટી જાય છે. એક બાજુ પ્રકૃતિનું નયનરમ્ય દૃશ્ય ચિત્તને બેચેન બનાવે છે, બીજી બાજુ માદ્રી તરફનું આકર્ષણ. પ્રકૃતિનું મનોહર જીવંત આલેખન કવિ પ્રતિભાના દર્શન કરાવે છે.

ધીમે ધીમે છટાથી કુસુમ રજ લઈ ડોલતો વાયુ વાય
ચોપાસે વલ્લીઓથી પરિમલ પ્રસરે નેત્રને તૃપ્તિ થાય
બેસીને કોણ જાણે યહી પર કૃતિકા ગાન સ્વર્ગીય ગાય
ગાળી નાખે હલાવી રસિક હૃદયને વૃત્તિથી દાબ જાય

વારંવાર માદ્રી સાથેના ત્રણેય પ્રસંગો પાંડુના ચિત્તમાં તાજા થાય છે. બધું જ ભૂલી જવા મથતો પાંડુ અંતે સરોવરમાં સ્નાન કરે છે. આશ્રમમાં જઈ ભોજન લે છે. પરંતુ વસંતના સૌંદર્યથી તે ફરી કામાતુર બને છે. તે માદ્રી સાથે વનવિહાર કરવા નીકળે છે. વસંતનું આહલાદક વાતાવરણ બંનેના ચિત્તમાં ઘેરી અસર કરે છે. કવિ લખે છેઃ

માધુર્ય એ ઉછળતું ક્યહી ના સમાય
હા! કેમ આ હલક અંતરથી ખમાય
સાથે મળ્યા તરત દંપતી સર્વ દોડી
ભેટી રહ્યા સ્વર વિશે દઇ વૃત્તિ જોડી

સમગ્ર સૃષ્ટિ જાણે રસમાં ઘેલી બની છે. પાંડુના હૈયામાં ઉત્તેજનાનો સંચાર થવા લાગે છે. પાંડુ મુખે કવિએ પંક્તિ મૂકી છેઃ

પ્રિયે માદ્રી! આહા સહન મુજથી આ નથી થતું
મારે જોઈએ તપ ફલ ભલે એ સહુ જતું

અને આમ કામાતુર પાંડુ માદ્રીને આલિંગન દઈ બેસે છે. પરંતુ માદ્રી 'રે હાય હાય નહીં નાથ' એમ કહીને પાંડુના હાથથી છૂટવા પ્રયત્ન કરે છે. અર્થાત પાંડુ પ્રેમના પૂર્ણસુખને મેળવવા વિવશ બને છે. પણ વિધિવશ તે પ્રેમ પામી શકતો નથી. પ્રેમનો તલસાટ જ તેના નસીબમાં લખાયેલો નથી.

વસંતવિજય ખંડકાવ્યમાં પ્રકૃતિવર્ણન આકર્ષક રીતે નિરૂપણ પામ્યું છે. પ્રકૃતિ કાવ્યરસને પોષક બને એ રીતે કાવ્યાત્મક રીતે રજૂ થયું છે.

વહે ઠંડો વાયુ કરી દઈ બધે શાંતિ વનમાં
મધુર શબ્દ વિહંગ બધા કરે
નીરખતા રચના નયનો ઠરે
વૃક્ષો લતા સકળ કંઇક અપૂર્વ રંગ
hundayદોડે એવી જળચર કરે ગમ્મત ઘણી
ઉંચા પ્રચંડ શિખરો નભને અડે છે
ધીમે ધીમે છટાથી કુસુમ રજ લઈ ડોલતો વાયુ વાય

વગેરે જેવી અનેક પંક્તિઓમાં પ્રકૃતિ જીવંત થઈ છે. પ્રકૃતિ અને વસંતના સુંદર સુરેખ આલેખનો આ ખંડકાવ્ય ને રસપ્રદ બનાવે છે.

સંઘર્ષનું તત્ત્વ ખંડકાવ્યનો પ્રાણ ગણાય છે. અહીં કામાતુર પાંડુની વ્યથા પ્રબળ રીતે આલેખવામાં આવી છે. પાંડુનો માનસિક સંઘર્ષ વસંતનો ઘેરો પ્રભાવ કરુણ રસને વધુ ઘેરો બનાવે છે. તે અત્યંત વિહવળ બની માદ્રીને આપે છે છતાં તૃપ્ત થઈ શકતો નથી. માનવ સહજ ભાવને કારણે વિવશ પાંડુ માદ્રીને એકલી જોઈને તેનું લાવણ્ય રૂપ નિહાળીને કામાતુર બને છે. તે ધીરજ ગુમાવી બેસે છે અને ઋષિના શાપને કારણે માદ્રીથી વિવશ થઇ મૃત્યુને ભેટે છે. પાંડુ ભૂતકાળમાં બનેલી ઘટનાથી સભાન છે, પણ માદ્રીને કહે છે.

પ્રિયા પ્રિયા પ્રિયા! તારા હાથમાં સર્વ હાય રે
ત્વરાથી દેહ જોડી દે; આતો નહીં ખમાય રે

કાબેને અંતે કરુણ રસ હૃદય દ્રાવક બને છે

વિચાર કરવા જેવો હવે વખત રહ્યો નહીં
ઝંપલાવી પડી નરેન્દ્ર ભુજ ની મહી

પાંડુ વિવશ છે. પોતાનો મનોસંઘર્ષ પરાકાષ્ઠાએ પહોંચ્યો છે. શું કરવું કે શું ન કરવું તેવી દારુણ દ્વિધા, તીવ્ર મનોમંથન તેના સમગ્ર અસ્તિત્વને હચમચાવી નાખે છે. તોપણ આખરે તે માદ્રીને પામવાનો જે નિર્ણય કરે છે. પ્રેમસુખ કોઈપણ ભોગે પસંદ કરે છે તે પાંડુનો માનસિક તીવ્ર સંઘર્ષ છે. પણ માનવનિયતિ એ છે કે પ્રણયસુખ માનવ જીવનનું સાર્થક્ય છે. પ્રણય સુખ વિનાનું જીવન ઉજ્જડ રણ જેવું છે. એટલે સભાન હોવા છતાં પાંડુ પ્રેમસુખ ખાતર મૃત્યુની પરવા કરતો નથી. પ્રણયસુખ ખાતર તે મૃત્યુનો સ્વીકાર કરે છે. આમ વસંત વિજય કવિ કાન્તનું કલાત્મક, કુતુહલપ્રેરક અને કાવ્યાત્મક રસપૂર્ણ સુંદર ખંડકાવ્ય આવે છે. કવિ કાન્તની દાર્શનિક ભૂમિકા, એ સર્જક પ્રતિભાના, અહીં પંક્તિએ પંક્તિએ દર્શન થાય છે.